RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 246, Dt.3-1-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ચીનમાં કોરોના બાદ HMPV વાઈરસનો આતંક

## ૧૭૦ના મોત : ૧૮ દેશમાં ૭૮૩૪ કેસ : હોસ્પિટલોમાં ભીડઃ કોવિડ જેવા જ લક્ષણો : બાળકોમાં વધુ અસર : સ્મશાનમાં સંખ્યા વધી રહ્યાનો દાવો

**મુખ્ય સમાચાર,બેજિંગ**

ચીનમાંથી ઉદભવેલી કોરોનાની લહેરને કારણે થયેલી તબાહી દુનિયાએ જોઈ છે. કોરોનાએ માત્ર ચીનમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં નરસંહાર સર્જ્યો છે. ચીનના વુહાન શહેરમાં કોરોનાનું રહસ્ય આજ સુધી એક રહસ્ય જ છે. કોરોના રોગચાળાને પાંચ વર્ષ થઈ ગયા છે. દરમિયાન, ચીનમાં તબાહીનું વધુ એક મોજું ઉછળતું જણાય છે. કોરોના બાદ ચીનમાં વધુ એક રહસ્યમય વાયરસ આવ્યો છે. હા, હ્યુમન મેટાપ્યુમોવાયરસ (HMPV) નો પ્રકોપ ચીનમાં ફેલાઈ રહ્યો છે. જેના કારણે ચીનમાં ફરી કોરોના જેવું દ્રશ્ય જોવા મળી રહ્યું છે. હોસ્પિટલોમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. સ્મશાનભૂમિ પણ ભરાઈ ગઈ છે.સરકારી અને વૈજ્ઞાનિક એજન્સીઓના અહેવાલો અનુસાર, વાયરસથી ચીનમાં અત્યાર સુધીમાં ૧૭૦ લોકોના મોત થયા છે, જયારે ૧૮ દેશોમાં ૭,૮૩૪ કેસ નોંધાયા છે.

હ્યુમન મેટાપ્યુમોવાયરસ (એચએમપીવી) એ આરએનએ વાયરસ છે, જે સૌપ્રથમ ૨૦૦૧માં ડચ સંશોધકો દ્વારા શોધાયો હતો. આ વાયરસ શ્વસનતંત્રને અસર કરે છે અને મુખ્યત્વે ઉધરસ, છીંક અને ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્ક દ્વારા ફેલાય છે. તે શિયાળા અને વસંતમાં વધુ સક્રિય હોય છે. તેના સામાન્ય લક્ષણોમાં શરદી, તાવ, ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફનો સમાવેશ થાય છે. આ વાયરસના સોફ્ટ ટાર્ગેટ બાળકો અને વૃદ્ધો છે.

અહેવાલો અનુસાર, HMPV સાથે, ઈન્ફલ્યુએન્ઝા અ, માયકોપ્લાઝમા ન્યુમોનિયા અને કોવિડ-૧૯ પણ ચીનમાં ઝડપથી ફેલાઈ રહ્યા છે. હોસ્પિટલો દર્દીઓથી ખીચોખીચ ભરેલી છે, અને સ્મશાનગૃહ સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. બાળકોની હોસ્પિટલો, ખાસ કરીને, ન્યુમોનિયા અને નવ્હાઈટ લંગથ જેવા રોગોના કેસ સાથે સંઘર્ષ કરી રહી છે.

ચીનના રોગ નિયંત્રણ અધિકારીએ અજાણ્યા ન્યુમોનિયા અને વાયરસ પર નજર રાખવા માટે એક સર્વેલન્સ સિસ્ટમ ગોઠવી છે. આરોગ્ય અધિકારીઓએ લોકોને માસ્ક પહેરવા, વારંવાર હાથ ધોવા અને ભીડવાળી જગ્યાઓથી દૂર રહેવાની સલાહ આપી છે. જો કે, ઈંખડ્ટ માટે હજુ સુધી કોઈ રસી ઉપલબ્ધ નથી.

ચીન પર પાંચ વર્ષ પહેલા કોરોના વાયરસના પ્રકોપ દરમિયાન પારદર્શિતાના અભાવનો આરોપ લગાવવામાં આવ્યો હતો. હવે એચએમપીવી કેસમાં પણ આ જ સવાલો ઉઠી રહ્યા છે. નિષ્ણાતો માને છે કે ચીન આ રહસ્યમય વાયરસ વિશે સંપૂર્ણ માહિતી શેર કરી રહ્યું નથી.

એચએમપીવીના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને ચીની અધિકારીઓએ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાનો દાવો કર્યો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને અન્ય આંતરરાષ્ટ્રીય એજન્સીઓ પણ આ નવા ખતરા પર નજર રાખી રહી છે. નિષ્ણાતો કહે છે કે માસ્ક પહેરવું, સ્વચ્છતા જાળવવી અને જાહેર સ્થળોએ સાવચેત રહેવું એ આ સમયે નિવારણનો સૌથી અસરકારક માર્ગ છે.

ચીનમાં વધી રહેલા ણ્ભ્મ્ચેપે ફરી એકવાર વૈશ્વિક સ્તરે ચિંતા વધારી છે. ચીન અને અન્ય દેશો આ સંભવિત રોગચાળાનો સામનો કેવી રીતે કરે છે તે જોવાનું બાકી છે.

ચીન વિશેનું આ સત્ય હવે સોશિયલ મીડિયા પર ખૂબ જ ફેલાઈ રહ્યું છે. ઘણા અહેવાલો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સ દાવો કરે છે કે આ નવો વાયરસ ણ્ભ્મ્ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ચીન પર નજર રાખનારા કેટલાક લોકો એવો પણ દાવો કરે છે કે હોસ્પિટલો અને સ્મશાનગૃહો હવે ભરાઈ ગયા છે. લોકો ઝડપથી આ વાયરસનો શિકાર બની રહ્યા છે. ઓનલાઈન શેર કરવામાં આવેલા વીડિયોમાં હોસ્પિટલોમાં ભીડ જોવા મળી રહી છે. કેટલાક વપરાશકર્તાઓ કહે છે કે HMPV, ઈન્ફલ્યુએન્ઝા અ, માયકોપ્લાઝમા ન્યુમોનિયા અને કોવિડ -૧૯ સહિતના ઘણા વાયરસ ચીનમાં એક સાથે ફેલાઈ રહ્યા છે. ચીન ફુલ એલર્ટ મોડ પર છે. જો કે, હજુ પણ આ વાયરસ વિશે વધુ યોગ્ય રીતે કહેવામાં આવી રહ્યું નથી.



એનડીટીવીના અહેવાલ મુજબ, ચીન હાલમાં માનવ મેટાપ્યુમોવાયરસથી સંપૂર્ણપણે તબાહ થઈ ગયું છે. ઈંખડ્ટમાં ફ્લૂ જેવા લક્ષણો જોવા મળે છે. તેના લક્ષણો પણ કોવિડ-૧૯ જેવા જ છે. અત્યારે ચીનના હાથ-પગ ભરાઈ ગયા છે. તેમના આરોગ્ય વિભાગને સમજાતું નથી કે શું થઈ રહ્યું છે. તેથી આરોગ્ય અધિકારીઓ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

# ભાજપ જીલ્લા - મહાનગર પ્રમુખ બનવા કાલે ત્રણ કલાકમાં ઉમેદવારી કરી શકાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ભાજપ સંગઠન રચનામાં હવે નવા પ્રદેશ પ્રમુખ સુધીની પસંદગીની પ્રક્રિયા ટોપગીયરમાં આવી છે અને ગઈકાલે ગાંધીનગરમાં મળેલી બેઠકમાં હવે જીલ્લા-મહાનગર પ્રમુખોની પસંદગીમાં આવતીકાલે એક જ દિવસ અને ૩ કલાકમાં જ ઉમેદવારી કરવાનો સમય આપતા રાજ્યભરમાં ભાજપમાં જબરો કરન્ટ આવી ગયો છે

હવે જીલ્લા-મહાનગર પ્રમુખો માટે આંતરિક રીતે સ્પર્ધા-જૂથવાદ થાય તે પણ સંકેત છે. પ્રદેશ દ્વારા વોર્ડ અને તાલુકા પ્રમુખોની નિયુક્તિમાં જે માપદંડ અપનાવાયા હતા તેવા જ હવે મહાનગર-જીલ્લા પ્રમુખો માટે અપનાવાયા છે પણ મહત્વપૂર્ણ રીતે ૬૦ વર્ષની જે ઉમર મર્યાદા હતી તે દુર કરવામાં આવી છે.

આ ઉપરાંત ત્રણ ટર્મ (૩-૩ વર્ષ) ની સક્રીય સભ્યની લાયકાત યથાવત છે અને તે ઉપરાંત પક્ષે પ્રથમ વખત કોઈ ગુન્હાહીત પ્રવૃતિ કે આર્થિક તેમજ વ્યક્તિગત ચારિત્ર્યના કોઈ વિવાદમાં તેની સામે પોલીસ કેસ ન હોવો જોઈએ તે પ્રથમ વખત નવી લાયકાત ઉમેરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ કાલે બપોરે પ્રદેશ નિરીક્ષકની હાજરીમાં જ જીલ્લા-મહાનગર પ્રમુખો માટે દાવેદારો ઉમેદવારી કરી શકે છે અને તે બાદ તા.૫-૬ પ્રદેશ સંકલનની બેઠકમાં દાવેદારીની સ્ક્રુટીની થશે તથા બાદમાં જે નામો ફિલ્ટર થઈને નિશ્ચિત થશે તેના પર તા.૧૦ સુધીમાં નિર્ણય લઈ લેવાશે.

આમ નવા જીલ્લા- મહાનગર પ્રમુખની પસંદગીની પ્રક્રિયા પુરી થયા બાદ સીધા પ્રદેશ પ્રમુખની પસંદગી-નિયુક્તિની પ્રક્રિયા શરૂ થશે. જો કે તે નિર્ણય દિલ્હીથી જ લેવાશે. રાજયભરમાં એક જ સાથે ૩૩ જીલ્લા, ૮ મહાનગરોના પ્રમુખની પસંદગી માટે આમ કાલે ધસારો થશે તે નિશ્ચિત છે. ઉમરમર્યાદા દુર થતા હવે જૂના જોગીઓ પણ મેદાનમાં આવશે.



૧. વર્તમાન તેમજ પૂર્વમાં બે વખત સક્રિય સભ્ય બનેલા હોવા જોઈએ. જેની માહિતી ફોર્મ સાથે જોડવાની રહેશે. (સક્રિય સદસ્યતા પહોંચ-સક્રિય સદસ્યતા કાર્ડ-સક્રિય નંબર સાથે મહાનગર દ્વારા પ્રમાણિપ પત્ર) ૨. મહાનગર પ્રમુખ બનવા ઈચ્છુક કાર્યકર્તાએ મંડલ અધ્યક્ષ અથવા જીલ્લા/પ્રદેશ સ્તરે જીલ્લા/પ્રદેશની ટીમ, મોરચા, પ્રકલ્પમાં કામ કરેલું હોવું જોઈએ. (ફરજીયાત), ૩. મહાનગર પ્રમુખ તરીકે મહિલાનો પણ સમાવેશ કરી શકાશે. ૪. પરિવારમાં એક કાર્યકર્તાને એક જવાબદારીનો નિયમ લાગુ પડશે. (બ્લડ રીલેશન પરિવાર ગણવો માતા-પિતા, ભાઈ, પુત્ર-પત્ની) ૫. જે મહાનગર પ્રમુખ સતત બે ટર્મ મહાનગર પ્રમુખ રહ્યા હોય તેઓને ફરીવાર રીપીટ કરવામાં આવશે નહિ. ૬. મહાનગર પ્રમુખ બનવા માટે ઈચ્છુક વ્યકિત કોઈપણ ગુનાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ ન હોવા જોઈએ (આર્થિક અને ચારિત્ર્યની બાબતમાં કોઈ પોલીસ કેસ થયો ન હોય તેને લાગુ પડશે.) ૭. પાર્ટી દ્વારા સસ્પેન્ડ કરાયેલા વ્યકિત પ્રમુખપદની દાવેદારી કરી શકશે નહી.

# રેગિંગ કરનારા વિદ્યાર્થીઓને સસ્પેન્ડ જ નહીં, પરંતુ તબીબી વ્યવસાયમાંથી કાઢી મૂકવા જોઈએ : હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

મણિનગર સ્થિત નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજમાં જુનિયર વિદ્યાર્થીઓનું રેગિંગ કરનારા મેડિસિનના વિદ્યાર્થીએ તેને સસ્પેન્ડ કરવાના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જે કેસની સુનાવણીમાં જસ્ટિસ નિર્ઝર દેસાઈએ અત્યંત આકરું વલણ અપનાવ્યું હતું અને કોલેજોમાં રેગિંગ કરનારા વિદ્યાર્થીઓને સસ્પેન્ડ જ નહીં, પરંતુ તબીબી વ્યવસાયમાંથી કાયમ માટે કાઢી મૂકવા જોઈએ એવી ટકોર કરી હતી.




કોર્ટે કહ્યું હતું કે, ડોક્ટરોમાં લોકો ભગવાનને જુએ છે, ત્યારે આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો તેમના જુનિયરોનું રેગિંગ કરતા હોય તો તેઓ કઈ દર્દીઓની સારવાર કરશે.

હાઈકોર્ટે એક તબક્કે અરજદાર વિદ્યાર્થીને ૧૦ લાખનો દંડ કરવાની ચીમકી આપી હતી, ત્યારબાદ જો અરજી ચલાવવી હોય તો પાંચ લાખ ભરવાનું કહ્યું હતું, પરંતુ વિદ્યાર્થીએ એક લાખ ભરવાની તૈયારી દર્શાવતાં જસ્ટિસ દેસાઈએ નારાજગી દર્શાવી હતી. દરમિયાન વિદ્યાર્થીનું કૃત્ય ફરિયાદમાં સ્પષ્ટ રીતે સામે આવતા કોર્ટે ભારે ફટકાર લગાવતા અરજી પરત ખેંચી લેવામાં આવી હતી.

# સિડની ટેસ્ટમાં રોહિતને આરામ : શ્રેણીમાં અધવચ્ચે પડતો મૂકાયો હોય તેવો પ્રથમ કેપ્ટન

- ગીલ – જયસ્વાલ – કોહલી ફરી ફલોપ : નીતીશ પ્રથમ બોલે ઉડયો

**મુખ્ય સમાચાર,સીડની**

બોર્ડર ગાવસ્કર ટેસ્ટ સીરીઝના પાંચમા અને અંતિમ ટેસ્ટ મેચમાં પણ ભારતનો ધબડકો થયો હતો અને માત્ર ૧૨૦ રનમાં ૬ વિકેટો ગુમાવી દીધી હતી. વિરાટ કોહલી, રાહુલ જેવા બેટરો ફરી ફલોપ ગયા હતા.

સીડની ટેસ્ટમાં રોહિતને આરામ આપવા સાથે કેપ્ટનશીપ બુમરાહને સોંપવામાં આવી હતી તેણે ટોસ જીતીને પ્રથમ દાવ લેવાનુ પસંદ કર્યુ હતું. મોટો જુમલો ખડકવાનો ઈરાદો ઉંધો પડયો હોય તેમ ઓપનર રાહુલ ૪ રને ઉડયો હતો.



જયસ્વાલ ૧૦ રને આઉટ થતા ભારત ૧૭ રનમાં બે વિકેટ ગુમાવી બેઠુ હતું, ગીલ - કોહલીએ ૪૦ રનની ભાગીદારી કરી જયાં ગીલ ૨૦ અને ત્યારબાદ કોહલી ૧૭ રને આઉટ થયા હતા. નીતીશ રેડ્ડી શૂન્ય રને આઉટ થતા ભારત ૧૨૦માં ૬ વિકેટ ગુમાવી બેઠુ હતું જાડેજા અને સુંદર દાવમાં હતા.

# પત્નિએ પતિની સંપત્તિ નથી,પત્નિ પર પતિનું નિયંત્રણ કે અધિકાર ન હોઈ શકેઃ અલહાબાદ કોર્ટ

## અલહાબાદ હાઈ કોર્ટે આપ્યો ઐતિહાસિક ચુકાદોઃ પતિએ વિક્ટોરિયા યુગની માનસિકતા ત્યાગવાની જરૂર છે

**મુખ્ય સમાચાર,અલહાબાદ**

પતિ-પત્નિના કિસ્સામાં તાજેતરમાં અલાહાબાદ હાઈ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. હાઈ કોર્ટે કહયું હતું કે પતિએ વિક્ટોરિયા યુગની માનસિકતા ત્યાગવાની જરૂર છે. પત્નીનું શરીર તેની પ્રાઈવેસી તેના અધિકારની પોતાની સંપત્તિ છે. પત્ની પર પતિનું નિયંત્રણ કે અધિકાર ન હોઈ શકે. કોર્ટે કહયુ કે, પત્ની દ્વારા કરવામાં આવેલા ભરોસા અને વિશ્વાસનું સન્માન કરે તેવી એક પતિથી અપેક્ષા હોય છે. કોર્ટે આ ટિપ્પણી એક મામલાની સુનાવણી દરમિયાન કરી હતી. પતિએ તેની પત્નિ સાથે માણેલી અંગત પળોનો વીડિયો તેની સહમતિ વગર રેકોર્ડ કર્યો હતો. તેમજ સોશિયલ મીડિયા પર શેર કર્યો હોવાનો આરોપ લાગ્યો હતો. આ વીડિયો પતિએ તેની પત્નિના પિતરાઈ ભાઈ સાથે પણ શેર કર્યો હોવાનો આરોપ હતો.જસ્ટિસ વિનોદ દિવાકરની બેન્ચે પોતાના નિર્ણયમાં કહ્યું કે પત્ની એ પતિની સંપત્તિ નથી, પરંતુ તે પોતાની સ્વતંત્ર ઓળખ, અધિકારો અને ઈચ્છાઓ સાથે સંપૂર્ણ વ્યક્તિ છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે પતિની પત્નિ સાથેની ખાનગી વાતચીત અથવા પળોને રેકોર્ડ કરવી અને શેર કરવી એ પતિ-પત્નિના સંબંધોની ગોપનીયતા અને વિશ્વાસનું ઉલ્લંઘન છે. કોર્ટે કહયું કે લગ્ન સંબંધ વિશ્વાસ અને ગોપનીયતા પર આધારિત છે. જો પતિ તેની પત્નિની ગોપનીયતાનું સન્માન ન કરે તો તે નૈતિક અપરાધ તો છે જ પરંતુ કાયદાકીય રીતે પણ સજાને પાત્ર છે. આ સિવાય કોર્ટે એમ પણ કહયું કે પત્નિનું શરીર તેની પોતાની સંપત્તિ છે અને તેની સંમતિ વિના તેમાં કોઈપણ પ્રકારની દખલગીરી સ્વીકાર્ય નથી.

પતિની અરજીને ફગાવી દેતા કોર્ટે કહયું કે પત્નિની ગોપનીયતા અને તેના અધિકારોનું ઉલ્લંઘન કોઈ પણ સંજોગોમાં સહન કરી શકાય નહીં. લગ્ન સંબંધમાં સમાનતા અને આદર મહત્વપૂર્ણ છે. પતિ-પત્ની વચ્ચેના વિશ્વાસ અને ગુપ્તતાનું સન્માન કરવું એ દરેક પતિની ફરજ છે. કોર્ટે કહયું, મહિલાઓના અધિકારો અને ગોપનીયતા સર્વોપરી છે.



# કાશ્મીરનું નામ ઋષિ 'કશ્યપ' કરવામાં આવી શકે છે.: અમિત શાહ

## કાશ્મીરનું નામ બદલવાની હિલચાલથી રાજકીય ગરમાવો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કાશ્મીરનું નામ બદલવા અંગે મહત્ત્વની જાહેરાત કરી છે. તેમ¡ "JK and Ladakh Through the Ages'ના પુસ્તક વિમોચન પ્રસંગે કહ્યું કે, કાશ્મીરનું નામ ઋષિ નકશ્યપ કરવામાં આવી શકે છે.

શંકરાચાર્યનો ઉલ્લેખ, સિલ્ક રૂટ, હેમિષ મઠથી સાબિત થાય છે કે, ભારતીય સંસ્કૃતિનો પાયો કાશ્મીરમાં જ નખાયો હતો. કાશ્મીરમાં સૂફી, બૌદ્ધ અને રોક મઠોનો ખૂબ જ સારી રીતે વિકાસ કર્યો. જો કે, કાશ્મીરનું નામ બદલવાની વાતથી રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે.

અમિત શાહે કહ્યું કે, નકેન્દ્ર સરકારે કાશ્મીરી, ડોગરી, બાલટી અને ઝંસ્કારી ભાષાને શાસન કરવાની મંજૂરી આપી, જે બદલ હું વડાપ્રધાન મોદીનો આભાર માનું છું.

પીએમનો આગ્રહ હતો કે, યૂટી જાહેર થયા બાદ કાશ્મીરની નાનામાં નાની ભાષાને જીવંત રાખવામાં આવે. આ પરથી સાબિત થાય છે કે, વડાપ્રધાન કાશ્મીર ઘણું વિચારી રહ્યા છે.

કલમ ૩૭૦ મુદ્દે તેમણે કહ્યું કે, કલમ ૩૭૦ અને ૩૫અ દેશને એક થતા રોકવા માટેની જોગવાઈ હતી. આ કલમો અંગે બંધારણ સભામાં બહુમતી ન હતી. તેથી જ તે સમયે તેને કામચલાઉ બનાવાઈ હતી, પરંતુ આઝાદી પછી



મોદી સરકાર દ્વારા આ કલંકિત પ્રકરણને દૂર કરાયું અને મોદી સરકાર દ્વારા વિકાસના માર્ગો ખોલવામાં આવ્યા હતા.

અલગતાવાદ વિશે તેમણે કહ્યું કે, નકલમ ૩૭૦ના કારણે જ કાશ્મીરના યુવાનોમાં અલગતાવાદના બીજ વવાયા. કલમ ૩૭૦એ ભારત અને કાશ્મીર વચ્ચેના સંબંધોને તોડી નાખ્યા, તેથી જ ખીણમાં આતંકનો વિકાસ થયો અને ફેલાયો, પરંતુ કલમ ૩૭૦ હટાવ્યા બાદ કાશ્મીરમાં આતંક ઓછો થયો છે.

# જમીન અધિગ્રહણ વળતર ચૂકવણીમાં વિલંબ થશે તો હવે બજાર ભાવ ચૂકવવો પડશેઃસુપ્રીમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં સરકારી ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતના પ્રોજેકટ માટે હસ્તાંતરીત કરાતી જમીનના વળતરમાં જમીનમાલિકોને જે લાંબી સરકારી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે અને વળતરની રકમ મેળવવામાં પણ લાંબો સમયની રાહ જોવી પડે છે તેવા સુપ્રીમ કોર્ટે તેમને બંધારણની કલમ ૧૪૨ મુજબ મળેલી સતાના આધારે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં જો આ પ્રકારના વળતરનો લાંબો સમય લાગે તો જમીન માલિકને નિશ્ચિત થયેલા ભાવે નહી.

પરંતુ ચૂકવણી વખતના બજાર ભાવ મુજબ વળતર ચૂકવવુ પડશે તે નિશ્ચિત કર્યુ છે. સુપ્રીમકોર્ટે સમક્ષ ગઈકાલની સુનાવણીમાં અનેક મહત્વપૂર્ણ મુદાઓ ઉપસ્થિત થયા હતા જેમાં ખેડૂત આંદોલનનો મુદો પણ હતો પણ જમીન હસ્તાંતરણ વળતરનો ચૂકાદો દૂરગામી અસરકર્તા બની રહેશે.

દેશભરમાં વિવિધ સરકારી અને ખાનગી ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ માટે મેળવતી ખાનગી જમીન માલિકોને વળતર મુદે જે લાંબી રાહ જોવી પડે છે અને કાનૂની મુદાઓ પણ સર્જાય છે તે સંદર્ભમાં આ ચૂકાદો મહત્વપૂર્ણ બની રહેશે. ૨૦૦૩માં કર્ણાટક ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બોર્ડની રચના સાથે જ બેંગલુરુ, મૈસુર ઈન્ફ્રાસ્ટ્રકચર કોરિડોર પ્રોજેકટ માટે હજારો એકર જમીન સંપાદીત કરવામાં આવી છે.જમીન સરકારે હસ્તગત કરી પરંતુ વળતર ચૂકવવામાં વિલંબ કર્યો હતો. ૨૦૧૯માં આ મુદો અદાલતમાં ગયો અને તે સમયે હાઈકોર્ટ તાત્કાલીક વળતર ચૂકવવા આદેશ આપ્યો હતો. જો કે તે સમયે ૨૦૦૩ના જે જમીનના ભાવ નિશ્ચિત થયા તે



મુજબ વળતર ચૂકવવાનો મુદો હતો. બાદમાં આ વિવાદ સુપ્રીમમાં જતા સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યુ કે, ૨૦૦૩થી ૨૦૧૯ સુધીમાં એ નિશ્ચિત છે કે જમીનના ભાવ અનેક ગણા વધી ગયા છે. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી બી.આર.ગવઈની ખંડપીઠે એ પણ કહ્યું કે મિલ્કત જેમાં જમીન પણ આવી જાય છે તે ધરાવવાનો અધિકાર એ બંધારણની કલમ ૪૪ મુજબ મૂળભૂત અધિકાર છે. તેમાં મિલ્કત ધારકને તેના મૂળભૂત અધિકારથી ૨૨ વર્ષ સુધી વંચિત રાખીને તેના ડયુથી વંચિત રાખવા એ યોગ્ય ગણાય નહી અને તેથી જમીન સહિતની મિલ્કતો જેનું અધિગ્રહણ જરૂરી છે. તેમાં યોગ્ય વળતર અને તે પણ સમય મર્યાદામાં ચૂકવાય તે પ્રાથમીકતા હોવી જરૂરી છે.

# આજથી દરિયાકાંઠાના-કિચડીયા પક્ષીઓની ગણતરી

**મુખ્ય સમાચાર,જામનગર**

દેશમાં સૌ પ્રથમવાર જામનગર ખાતે આજથી ૦૫ જાન્યુઆરી દરમિયાન પદરિયાકાંઠાના-કિચડીયા પક્ષીથ ગણતરી-સેન્સસ યોજાશે મરીન નેશનલ પાર્ક- મરીન સેન્ચુરી વિસ્તારમાં આશરે ૩૦૦ થી વધારે પ્રજાતિના સ્થાનિક-યાયાવર પક્ષીઓનું રહેઠાણ.વન વિભાગ તેમજ બર્ડ કન્ઝર્વેશન સોસાયટીના સંયુક્ત ઉપક્રમે આ ગણતરી યોજવામાં આવશે

ઓખાથી નવલખી સુધી અંદાજીત ૧૭૦ કિ.મી. લાંબા દરિયાકિનારા ઉપર ખાસ પસંદ કરાયેલા સ્થળોનો સમાવેશ.આલ્ગી, દરિયાઈ શેવાળ, વાદળી, ડોલ્ફીન, કાચબા જેવા જળચર પ્રાણી તેમજ ચેરના વૃક્ષોનો સમૃદ્ધ વરસો.દર વર્ષે લાખોની સંખ્યામાં સ્થાનિક-યાયાવર પક્ષીઓનું આ દરિયાઈ વિસ્તારમાં વિચરણ દેશમાં સૌ પ્રથમવાર મરીન નેશનલ પાર્ક- મરીન સેન્ચુરી જામનગર ખાતે આજથી ૦૫ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન દરિયાકાંઠાના તેમજ કિચડીયા પક્ષીઓની ગણતરી-સેન્સસ યોજાનાર છે. દરિયાકાંઠાના પક્ષીઓ માટે સ્વર્ગ સમાન એવા જામનગર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં કિચડીયા પક્ષીઓ તેમજ દરિયા કિનારાનાં પક્ષીઓની ગણતરી કરવામાં આવશે. આ ત્રિદિવસીય કાર્યક્રમમાં પહેલા દિવસે વન અને વન્યજીવ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા તજજ્ઞોના વકતવ્યો, બીજા દિવસે પક્ષીઓની ગણતરીનું આયોજન તેમજ ત્રીજા દિવસે નોલેજ શેરીંગ અને સમાપન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાંથી પણ પક્ષી પ્રેમીઓ, તજજ્ઞો અને સંશોધકો ઉપસ્થિત રહેશે.સમગ્ર વિશ્વમાં ગુજરાત અનેક જૈવવિવિધતા માટે જાણીતું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ વન પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલની આગેવાનીમાં વન વિભાગ દ્વારા પર્યાવરણ-જળચર સંરક્ષણ માટે અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી છે જેના પરિણામે ગુજરાતે આજે દેશભરમાં વન-પર્યાવરણ ક્ષેત્રે આગવી ઓળખ સ્થાપિત કરી છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વન વિભાગ અને બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત-ઈઈજાક્ષના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવશે. ઈઈજાક્ષ પક્ષીઓ માટે છેલ્લાં ૨૫ વર્ષથી ગુજરાતમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા છે. જે પક્ષીઓનું સંરક્ષણ, ગણતરી, નિરીક્ષણ તથા પક્ષીઓ પાછળનું વિજ્ઞાન અને તે અંગેની જન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો કરે છે.





ગુજરાતમાં આવેલું મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરી ભારતનો સૌ પ્રથમ જાહેર કરવામાં આવેલ દરિયાઇ રાષ્ટ્રીય ઉદ્યાન છે. રાજ્યના દેવભૂમિ દ્વારકા, જામનગર અને મોરબી એમ ત્રણ જિલ્લામાં વિસ્તરેલ મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીમાં ઓખાથી નવલખી સુધી અંદાજીત ૧૭૦ કિ.મી. લાંબા દરિયાકાંઠા અને ૪૨ ટાપુઓનો સમાવેશ થાય છે. કચ્છના અખાતમાં આવેલા આ પ્રોટેક્ટેડ એરીયાને અહીં જોવા મળતી દરિયાઇ જીવસૃષ્ટિ અને ચેર -મેન્ગ્રુવના સંવર્ધન અને સંરક્ષણના મુખ્ય ઉદ્દેશ્યથી જાહેર કરવામાં આવ્યો છે. આ ભારતમાં એકમાત્ર સ્થળ છે જ્યાં ઓટના સમય દરમિયાન પગપાળા પ્રવાસ કરીને દરિયાઇ જીવસૃષ્ટિનું અવલોકન કરી શકાય છે. જ્યારે અન્ય સ્થાનો ઉપર સ્કુબા ડાઈવીંગ કરવી અનિવાર્ય બની જાય છે.

મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીમાં આલ્ગી, દરિયાઇ શેવાળ, વાદળી, સખત અને નરમ પરવાળા, ડોલ્ફીન, કાચબા, ડુગોંગ, પોરપોઇઝ, વિવિધ જાતિના કરચલાં, પફરફીશ, સ્ટારફીશ, બ્રિટલ સ્ટાર, ઓક્ટોપસની સાથે ચેરની વિવિધ પ્રજાતિઓનો પણ સમાવેશ થાય છે.

આ વિસ્તાર ભૌગોલિક દ્રષ્ટિએ સેન્ટ્રલ એશિયન ફ્લાયવેનો ભાગ હોવાથી આ વિસ્તારનું પક્ષી વૈવિધ્ય પણ ખૂબ જ સમૃદ્ધ છે. સેન્ટ્રલ એશિયન ફ્લાયવે (મધ્ય એશિયાઇ ઉડ્ડયનમાર્ગ) એ યુરોપ -એશિયામાં આર્કટીક અને હિન્દ મહાસાગર પર ફેલાયેલો છે.

## ઉનાના ઉમેજ મુકામે મસ્જિદસંગેબુનયાદનો કાર્યક્રમ યોજાયો

અહેવાલ :- અબ્દુલ પઠાણ ઊના

ઉનાના ઉમેજ મુકામે મસ્જિદનુ સંગેબુનયાદનો પ્રોગ્રામ ઉમેજ સુની મુસ્લિમ જમાત દ્વારા રાખવામાં આવેલ તેમા ઉપસ્થિત સાદાદે કિરામ મુનીરબાપુ સાવર કુંડલા વાળા અને એમની સાથે સાદિક હાજી સાહેબ અને તેમીની ટીમ સાથે ઉમેજ મુકામે આવેલ ઉમેજ સુની મુસ્લિમ જમાત ના આગેવાનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહિયા હતા તેમાં દાતાઓ દ્વારા મસ્જિદ નુ પુરૂ કામ થઈ જાય તેમના એસ્ટીમેન્ટ કરતા વધારે ફાળો થયો હતો તેમાં પીરે તરીકત મુનીર બાપુ એ કહેલ કે કોઈ આગેવાનો મુંજાતા નય કય પણ હજી પણ જરૂરત પડસે તો હું આપની સાથે છું ત્યારે ઉમેજ સુની જમાત ના આગેવોનો દ્વારા નારા નાખી મુનીર બાપુ નુ ફૂલ હાર અને સાલ ઓઢાડી ને ભવ્ય સ્વાગત કરવામાં આવીયુ તેમાં મુનાભાઈ ઉસ્માનભાઈ ઉનડજામ એમના પપા ઉસ્માનભાઈ નિભાવભાઈ ઉનડજામ એમના ઈશા આલે સવાબ ૧૫ લાખ રૂપિયા મસ્જિદ ના ફાળા માં અર્પણ કરેલ છે અને પીરે તરીકત સાદાદે કિરામ મુનીરબાપુ દ્વારા એલાન કરવામાં આવેલ ઉમેજ મસ્જિદ સુની મુસ્લિમ જમાત માં ૧૫ લાખ આપવાની જાહેરાત કરેલ જ્યારે બીજી જાહેરાત મુનાભાઈ ઉસ્માનભાઈ ઉનડજામ ના એક અંગત કુટુંબનો જમીન બાબત નો વર્ષો જૂનો મામલો હતો તે જમીન ૩ વીઘા મુનાભાઈ ના ખાતે હતી તે સામે પક્ષ વાળા ઉનડજામ અબ્દેરેમાનભાઈ યાકુબભાઈ ના પરિવાર ને તે જમીન ની કિંમત ૩૦ લાખ જેવી મોટી રકમ થાય છે તે સાદાદે કિરામ મુનીરબાપુ ના અધ્યક્ષસ્થાને સામે પક્ષને પરત એક રૂપિયો લીધા વગર પરત આપી દેવાની જાહેરાત કરેલ મુનીરબાપુ ના અધ્યક્ષસ્થાને મુનાભાઈ એ જાહેરાત કરેલ સાદાદે કિરામ મુનીરબાપુ એ મુનાભાઈ ઉનડજામ ને માથા ઉપર ટોપી ફૂલ હાર



સાલ ઓઢાડી ને સન્માનીત કરેલ અને સામે પક્ષ બેય પાલટીઓને ગળે થી ગળે મિલાવીને સન્માનિત કરેલ અને મુનાભાઈ ઉસ્માનભાઈ ઉનડજામ નો ઉમેજ સુની મુસ્લિમ જમાતે આભાર વ્યક્ત કર્યો

## ઉનાના સનખડા ગામે કરોડોની ગૌચરની જમીન પર કરવામાં આવેલા દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ





**મુખ્ય સમાચાર, ઉના**

ઉનાના સનખડા ગામે ગૌચરની જમીનમાં થયેલા દબાણ દૂર કરવા તંત્ર દ્વારા મેગા ડિમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ઉના મામલતદાર,ઉના તાલુકા પંચાયત સ્ટાફ, ઉના પોલીસ સહિતનાઓએ હાજર રહી દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. ઉનાના સનખડા ગામે ગૌચરમાં દબાણકર્તાઓ દ્વારા અંદાજિત ૫૦૦ વીઘા જેટલી જમીન પર દબાણ કરવામાં આવેલી હોય, જેની જિલ્લા કલેકટરને રજૂઆત કરાતાં ગીર સોમનાથ જિલ્લા કલેકટરની સૂચનાથી ઉના પોલીસ, તાલુકા પંચાયતના અધિકારીઓ,ઉના મામલતદાર સ્ટાફ સહિતનાઓની હાજરીમાં સર્વે નં ૩૭૩ પૈકીની ગૌચરની જમીન કિ.૧૦ કરોડ ૬૭ લાખ ૫૨ હજાર ૬૦૦ ની જમીનમાં ૧૪ જેટલાં આસામીઓએ ૧ લાખ ૧૮ હજાર ૬૧૪ ચો.મી. જેટલી જમીન પર કબ્જો કરેલ હોય, જેના પર જેસીબી ફેરવી પ્રથમ દિવસે જમીન ખુલ્લી કરવામાં આવી હતી હજુ પણ આગામી બે દિવસ સુધી બંદોબસ્ત સાથે જમીન ખુલ્લી કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

## હર્ષભાઈ સંઘવીના હસ્તે કાલે એસ.ટી નિગમના રૂ.૯૮૦.૩૭ લાખના કામોનુ ઈ-લોકાર્પણ

### મંત્રી ૮ હાઈટિક વોલ્વો બસને લીલીઝંડી આપી મુસાફરોની સુવિધાઓમાં વધારો કરશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગૃહ અને વાહન વ્યવહાર વિભાગ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે રાજકોટ ખાતે તા.૪ જાન્યુઆરીના રોજ રૂ.૯૮૦.૩૭ લાખના ખર્ચે એસ.ટી નિગમના વિવિધ કામોના ઈ-લોકાર્પણ કરાશે. તા. ૪ ના રોજ બપોરના ૧ કલાકે વિભાગીય કચેરી, ગોંડલ રોડ, એસ.ટી. રાજકોટ ખાતે નવીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ માટે અંદાજીત રૂ.૬૩૭.૩૭ લાખના ખર્ચે આકાર પામેલ એસ.ટી. વિભાગીય કચેરી અને ગોંડલ ખાતે ૩૪૩.૦૦ લાખના ખર્ચે આકાર પામેલ ગોંડલ એસ.ટી. ડેપો વર્કશોપ તેમજ અદ્યતન ટેકનોલોજીથી સજ્જ નવીન ૮ હાઈટેક વોલ્વો બસોનું લોકાર્પણ કરાશે.

નવીન લોકાર્પિત ૦૮ હાઈટેક વોલ્વો બસોની વિશેષતાઓમાં આરામદાયક ૨.૨ લેધર પુશબેક સીટ, સી.સી.ટી.વી. કેમેરા, મોબાઈલ ચાર્જીગ ફેસીલીટી, ફાયરસેફ્ટી માટે અદ્યતન સ્પ્રીંકલ સિસ્ટમ, સ્મોક ડીટેકટર અલાર્મ, એલ.ઈ.ડી. ટી.વી., એક્ઝોસ્ટ ફેન સાથે હેચ તેમજ ઈમરજન્સી એકઝીટ ડોર જેવી આધુનિક ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ વોલ્વો બસો નાગરિકોની મુસાફરીને વધુ આરામદાયક બનાવશે તેમજ તેઓની જનસુખાકારીમાં વધારો થવા પામશે. ઉપરાંત રાજકોટ વિભાગીય કચેરી ખાતે કામકાજ અર્થે આવનાર જાહેર જનતા અને ગોંડલ એસ.ટી. ડેપો વર્કશોપ ખાતે કરવામાં આવતા નિગમની બસોના મેન્ટેનન્સની સુવિધામાં તેમજ બંને સ્થળે ફરજ બજાવતા કર્મચારીશ્રોની સુવિધામાં વધારો થવા પામશે.

## મોરબીમાં સ્પાની આડમાં ધમધમતું વધુ એક કુટણખાનું ઝડપાયું,એકની ધરપકડ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ટીમ દ્વારા મોરબી-વાંકાનેર હાઈવે ઉપર આવેલ કોમ્પ્લેક્સના ત્રીજા માળે પસિગ્નેચર વેલનેસથ નામના સ્પા મસાજ પાર્લરમાં રેઈડ કરી હતી, જેમાં સ્પાની આડમાં ગેરકાયદેસર રીતે દેહ વિક્રયની પ્રવૃત્તિ ચાલતી હોવાનો પર્દાફાશ કરી આરોપી સ્પા સંચાલકની ધરપકડ કરવામાં આવી છે.




મળતી માહિતી અનુસાર,મોરબી થી વાંકાનેર નેશનલ હાઈવે રોડ ઉપર લાલપર ગામ નજીક આધ્યશક્તિ - ૨ કોમ્પલેક્ષ ત્રીજા માળે આવેલ નસ્રસીગ્નેચર વેલનેસ સ્પાથથ ની અંદર કુટણખાનું ચાલતું હોવાની પૂર્વ બાતમીને આધારે મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ટીમ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. જેમાં આરોપી શારૂખભાઈ યુનુશભાઈ મુલતાની ઉવ.૩૨ રહે.ક્રિષ્નાપાર્ક શેરી નં.૧ વાવડી રોડ મોરબીવાળો પોતાના કબજા ભોગવટા વાળા પસિગ્નેચર વેલનેસ સ્પાથ માં ગેરકાયદેસર રીતે દેહવ્યપારના લાયસન્સ વગર બહારથી સ્ત્રીઓને બોલાવી સ્પામાં આવતા ગ્રાહકોને અનૈતિક શરીરસુખ માણવા માટે સાધન-સગવડો પુરી પાડી કુટણખાનું ચલાવતો રંગેહાથ પકડી લેવામાં આવ્યો છે, પોલીસની રેઈડ દરમ્યાન રોકડા રૂ.૫૧૦૦/- તથા મોબાઈલ નંગ-૦૧ કી.રૂ.૫,૦૦૦/-મળી કુલ રૂ.૧૦,૧૦૦/- નો મુદામાલ કબ્જે લઈ પકડાયેલ આરોપી સામે ધી ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ હેઠળ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

## હળવદમાં પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ પરપ્રાંતિય શખ્સને પાટણ ખાતેથી પકડી લેવાયો



હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વર્ષ ૨૦૨૦ માં નોંધાયેલ પ્રોહીબીશનના કેસમાં વોન્ટેડ આરોપીને પાટણ ખાતેથી પકડી લઈ હસ્તગત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.હળવદ પોલીસ મેથક પીઆઇ આર.ટી.વ્યાસની સૂચના અને માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૦ માં નોંધાયેલ પ્રોહી.અંગેના કેસમાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી મહીપાલસિંહ જવાનસિંહ ઉર્ફે સેનસિંહ ભવરસિંહ ચૌહાણ રહે. સાંચૌર તા.જી.સાંચોર(રાજસ્થાન) વાળાને પૂર્વ બાતમીને આધારે પાટણથી પકડી લેવામાં સફળતા મળી હતી, આ સાથે પકડાયેલ આરોપીને હળવદ પોલીસ મથક ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મોરબીમાં વધુ એક વ્યાજખોર આરોપી પાસાના પિંજરે પુરાયો



મોરબીમાં અવાર નવાર વ્યાજ વટાવના ગુન્હામાં પકડાયેલ આરોપી સામે પાસા દરખાસ્ત મંજુર થતા મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપીની પાસા તળે અટકાયત કરી સુરત લાજપોર જેલ હવાલે કરવામાં આવ્યો છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ શહેરમાં ગેરકાયદેસર વ્યાજ વટાવના ધંધા કરી ગુના આચરી અસામાજીક તત્વોની પ્રવૃતીઓને ડામવા સુચના કરવામાં આવી હતી જે અન્વયે અવાર નવાર વ્યાજ વટાવના ગુનાઓમાં પકડાયેલ અસામાજીક ઈસમ મેહુલભાઈ ઉર્ફે માધવ લાખાભાઈ ઝીલરીયા રહે.રવાપર ગામ ઝાપા પાસે મોરબીવાળા વિરૂધ્ધ મોરબી સીટી એ ડીવીઝન દ્વારા પાસાની પ્રપોઝલ કરવામા આવેલ જે અન્વયે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને કલેક્ટર દ્વારા પાસા પ્રપોઝલ મંજુર કરી પાસા વોરંટ ઈસ્યુ કરેલ જેથી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી મેહુલભાઈ ઉર્ફે માધવની અટક કરી પાસા વોરંટની બજવણી કરી સુરત લાજપોર જેલ ખાતે મોકલવામાં આવેલ છે.

## મોરબીમાં અપમૃત્યુના ત્રણ બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં અલગ અલગ ત્રણ અપમૃત્યુના બનાવમાં મોરબી, વાંકાનેર તથા હળવદ એમ ત્રણેયના ગ્રામ્યમાં એક મહિલા સહિત ત્રણ વ્યક્તિના મૃત્યુ નિપજ્યા છે, જેમાં મોરબીના રાપરમાં મહિલાએ અને હળવડમાં આધેડ પુરુષે ઝેરી દવા પી લીધી હોય જ્યારે વાંકાનેરમાં જમતી વેળા બેભાન થઈ ઢાળી પાડેલ યુવકનું મૃત્યુ નીપજ્યું હતું.



પ્રથમ અપમૃત્યુના બનાવ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકાના રાપર ગામે જગદીશભાઈની વાડીએ ખેતમજૂરી કરતા સંતોકીબેન સુખરામભાઈ મસ્વન ઉવ.૪૫ એ ગઈકાલ તા.૦૨/૦૧ના રોજ રાપર વાડી વિસ્તારમા કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા તેમના પતિ સુખરામભાઈ તેમને સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ પરના ડોકટરે જોઈ તપાસી સંતોકીબેનને મૃત જાહેર કર્યા હતા.

જ્યારે બીજા બનાવમાં વાંકાનેર તાલુકાના સરતાનપર ગામ નજીક આવેલ ટીટા સેનેટરી વેર કારખાનામાં રહેતા ચંદન ઉર્ફે ચંદુ કુમાર પ્રભુભાઈ મહેતા ઉવ.૨૫ ગઈ તા.૦૧/૦૧ ના સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં જમતા હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયેલ હોય જેથી તેમને સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લઈ જતા હાજર ડોક્ટરે તેને મરણ જાહેર કરતા વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની ઘટીત કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ત્રીજા અપમૃત્યુના બનાવ અંગે હળવદ તાલુકાના ઘણાદ ગામે રહેતા મેલાભાઈ ચકુભાઈ વાજેલીયા ઉવ.૪૭ ગઈ તા ૨૯/૧૨ના ૦૭/૦૦ વાગ્યેની આસપાસ ઘણાદ ગામની પોતાની વાડીયે પોતે પોતાની જાતે ઝેરી દવા પી જતા સારવારમાં મોરબીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન તા. ૩૧/૧૨ ના રોજ મેલાભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસ ટીમે સ્થળ ઉપર પહોંચી મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

## જામનગરમાં ધાણાની હરરાજીના શ્રી ગણેશ થયા હતાં: ધાણાના ભાવ ૨૦ કિલોના રૂ.૫૬૧૧ ઉપજતા ખેડૂતોમાં ખુશી ફેલાઈ



જામનગર ખેતીવાડી ઉત્તપન્ન બજાર સમિતિ હાપામાં ધાણાની હરરાજીના શ્રી ગણેશ થયા હતાં.જેમા ધાણાના ભાવ ૨૦ કિલોના રૂ.૫૬૧૧ ઉપજતા ખેડૂતોમાં ખુશી ફેલાઈ હતી.સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો માટે જણસના સારા ભાવ માટે જામનગર ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ હાપાનું નામ આગવું છે.અનેક ખેડૂતો પોતાની જળસી વહેંચવા માટે આવે છે.ત્યારે આજે પ્રથમવાર ધાણાની નવા વર્ષમાં પ્રથમવાર આવક નોધાઈ હતી. જેમાં રાજકોટ જિલ્લાના જામ કંડોરણા ગામના ખેડૂત ધીરુભાઈ વલ્લભભાઈ હરરાજીમાં ધાણાની વહેંચવા મુકેલ હતા. જે હરરાજી દરમ્યાન ધાણાનો ભાવ ૨૦ કિલોના ભાવ રૂ.૫૬૧૧ઉપજ્યા હતા. ધાણાની ખરીદી ખરીદી આશિષ ટ્રેડિંગ દ્વારા કમિશન એજન્ટ માંગન એન્ટરપ્રાઈઝ દ્વારા કરવામાં આવી હતી.તેમ યાર્ડના સેક્રેટરી હિતેષ પટેલે જણાવ્યું હતું. ધાણાના ભાવ એક મણના રૂ ૫૬૧૧ મળતા ખેડૂતોમાં ખુશીનું મોજુ ફેલાયું હતું.

## હળવદના વાડીની વાડ પાસે જેસીબી ચલાવવાની ના પાડતા ખેડૂત અને તેના પરિવાર ઉપર ચાર શખ્સોએ કર્યો હુમલો

હળવદ તાલુકાના નવા માલણીયાદ ગામે વાડીના વાડ પાસે જેસીબી ચલાવવાની ના પાડતા ઉશ્કેરાયેલ ચાર શખ્સો દ્વારા ખેડૂત સાથે ઝપાઝપી કરી જેસીબીનું બકેટ નીચે કરી ખેડૂતના પરિવારના મહિલા સહિતના સભ્યોને ઈજાઓ પહોંચાડી હતી. જાણવા મળતી વિગતો મુજબ હળવદના નવા માલણીયાદ ગામે રહેતા હસમુખભાઈ જીવણભાઈ પરમાર દ્વારા નવા માલણીયાદ ગામના કાંતીલાલ દલસુખભાઈ પરમાર, ચેતનભાઈ દલસુખભાઈ પરમાર, પ્રભુભાઈ ગોરધનભાઈ ચાવડા તથા ભગવાનભાઈ મુળજીભાઈ પરમાર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે, જેમાં ગઈ તા.૦૧/૦૧ના રોજ રાત્રીના ૮ વાગ્યે બનેલ બનાવમાં હસમુખભાઈના વાડીનાં શેઢે રસ્તાં પાસે જે.સી.બી.મશીન થી કામ ચાલતું હોય જેથી જે.સી.બી.ચાલકને વાડીની વાડ તરફ મશીન નહી ચલાવવાનું કહેતાં જે બાબતે આરોપીઓએ હસમુખભાઈને ગાળો આપેલ અને તેની સાથે ઝપાઝપી કરેલ ત્યારબાદ આરોપી કાંતિલાલે જે.સી.બીનાં ડ્રાઈવરને શીટ ઉપરથી હટાવી પોતે ડ્રાઈવિંગ કરવા લાગેલ ત્યારે હસમુખભાઈ અને તેના પરિવારના સભ્યોએ મશીન રોકવાનું કહેવા છતાં આરોપીએ જાણી જોઈને મશીનનું ડ્રાઈવિંગ કરી સાહેદ અક્ષય ઉભો હતો તેનાં ઉપર જે.સી.બી.નું બેકેટ લઈ આવી માથામાં મુંઢ ઈજા કરેલ તેમજ હસમુખભાઈની પત્ની પણ બેકેટ સાથે અથડાયેલ અને તેને પણ મુઢમાર વાગેલ આમ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે. હાલ.હળવદ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હળવદમાં પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ પરપ્રાંતિય શખ્સને પાટણ ખાતેથી પકડી લેવાયો

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વર્ષ ૨૦૨૦ માં નોંધાયેલ પ્રોહીબીશનના કેસમાં વોન્ટેડ આરોપીને પાટણ ખાતેથી પકડી લઈ હસ્તગત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. હળવદ પોલીસ મેથક પીઆઇ આર.ટી.વ્યાસની સૂચના અને માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૦ માં નોંધાયેલ પ્રોહી.અંગેના કેસમાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી મહીપાલસિંહ જવાનસિંહ ઉર્ફે સેનસિંહ ભવરસિંહ ચૌહાણ રહે. સાંચૌર તા.જી.સાંચોર(રાજસ્થાન) વાળાને પૂર્વ બાતમીને આધારે પાટણથી પકડી લેવામાં સફળતા મળી હતી, આ સાથે પકડાયેલ આરોપીને હળવદ પોલીસ મથક ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજકોટમાં ખેલ મહાકુંભ ૩.૦ની પ્રિ-ઓપનિંગ ઈવેન્ટે નાગરિકોમાં ભરી દીધું જોમ





## બહુમાળી ભવનથી નીકળેલી રેલી રેસકોર્સ પરથી પસાર થઈ ત્યારે જોવા માટે વાહનો થંભી ગયા

રાજકોટના આંગણેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખેલ મહાકુંભ ૩.૦ના શુભારંભની ઘડીઓ ગણાઈ રહી છે, ત્યારે આજે શહેરીજનોમાં રમતગમત માટે જોશ અને ઉત્સાહ ભરતી ખેલ મહાકુંભ પ્રિ–ઓપનિંગ ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ખેલાડીઓ જોડાયા અને માહોલમાં જોમ ભરી દીધું હતું. રાજકોટના જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે તથા નિવાસી અધિક કલેક્ટર એ. કે. ગૌતમે બહુમાળી ભવન ખાતેથી આજે સાંજે પ્રિ–ઓપનિંગ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા રમત–ગમત અધિકારી વી. પી. જાડેજા તથા જિલ્લા રમત વિકાસ અધિકારી રમા મદ્રાની કચેરી દ્વારા આયોજિત આ ઈવેન્ટમાં સ્કેટિંગ, બાસ્કેટ બોલ, જુડો, બેડમિન્ટન, સાયકલિંગ, આર્ચરી સહિતની રમતોના ખેલાડી જોડાયા હતા. આ દરમિયાન નસ્ત્રશેરોસ્ત્રસ્ત્ર રેલી સાથે રહ્યો હતો અને લોકોનું મનોરંજન કર્યું હતું. મહાકુંભના દિવ્યાંગ આઈકોન શૈલેષ પંડ્યા પણ જોડાયા હતા. બહુમાળી ખાતેથી શરૂ થયેલી આ રેલી જ્યારે રેસકોર્સ રોડ પરથી પસાર થતી હતી ત્યારે નાગરિકોએ વાહન થંભાવી દીધા હતા અને ફોટો–વિડિયો ઉતારીને આ રેલીની ઈવેન્ટને પોતાના ગ્રુપમાં શેર કરી હતી. પ્રિ–ઓપનિંગ ઈવેન્ટ અંતર્ગત યોજાયેલી રેલીએ રમત–ગમત માટે ઉત્સાહનો માહોલ સર્જી દીધો હતો.

# જિલ્લા ભાજપ અગ્રણી મનોજભાઈ અકબરીનો કાલે જન્મદિવસ



મુખ્ય સમાચાર,રાજકોટ

આવતીકાલે શનિવાર ના રોજ રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી અને સામાજિક અને રાષ્ટ્રવાદ થી રંગે રંગાયેલા એવા મનોજભાઈ અકબરીનો ૪૨ મો જન્મદિવસ છે તેમને યુવાનો સાથે અનેક સામાજિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિમાં જોડાઈ પોતાના પંથક એટલે કે કોલીથડ જિલ્લા પંચાયત સીટમાં આવતા ગ્રામ્ય વિસ્તારમાં પોતાની આગવી સૂઝબૂઝ થી કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર વિવિધ ગ્રાન્ટો અને વિકાસલક્ષી કાર્યો કરેલા છે ખાસ કરીને છેલ્લા ઘણા વર્ષો થી સહકારી ક્ષેત્રે જોડાઈ ખેડૂતો માટે અવનવી યોજનાઓ તેમજ ખેડૂતોને અવનવા સરકારના લાભો દ્વારા કાર્યક્રમો કરી ખેડૂતો માટે તેમજ પશુપાલન ક્ષેત્રે ખૂબ મોટી સેવાઓ કરી રહ્યા છે પોતાનું ઘણું મોટું મિત્ર મંડળ ધરાવતા યુવાનો વડીલો અને માતાઓ બહેનો માટે પોતાનું જાહેર જીવનની અંદર કાયમ માટે અડીખમ ઊભા રહી પોતાના વિસ્તારમાં સારી રીતે કામગીરી કરી લોકચાહના મેળવી છે ત્યારે એમના જન્મદિવસ નિમિત્તે ધારાસભ્યશ્રી સાંસદ સભ્યશ્રી, સરપંચો ,ભારતીય જનતા પાર્ટીના જિલ્લાના કાર્યકર્તાઓ તાલુકાના કાર્યકર્તાઓ તેમજ સહકારી ક્ષેત્રે જોડાયેલા તેમજ વિવિધ ક્ષેત્રના લોકો એમના જન્મદિવસ નિમિત્તે ખૂબ ખૂબ શુભકામનાઓ અને શુભેચ્છાઓ આપી રહ્યા છે.


# વીવીપી એન્જીનીયરીંગ કોલેજના પ્રિન્સીપાલ ડો.પિયુષભાઈ વણઝારા એ શિક્ષણ ક્ષેત્રે એક વર્ષમાં ત્રણ એવોર્ડ મેળવી હેટ્રિક સર્જી


મુખ્ય સમાચાર,રાજકોટ


ભારત ભરમાંપ્રસિદ્ધ વીવીપી એન્જીનીયરીંગ કોલેજના પ્રિન્સીપાલશ્રીડો. પિયુષભાઈ વણઝારાશિક્ષણ ક્ષેત્રે એકવર્ષમાં ત્રણ એવોર્ડ મેળવી હેટ્રિક સર્જનાર વીવીપી કેમિકલ એન્જીનીયરીંગ ના પહેલીબેંચનાગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થી જેમણેખૂબ જ પ્રતિષ્ઠિત એવી જર્નલમાં ૧૯ ઈન્ટરનેશનલ પેપર્સ લખ્યા છે એક બુક ચેપ્ટરલખ્યું છે અને સાથે જ ૩૦ જેટલી કોન્ફરન્સમાં ભાગ લઈને રાષ્ટ્રીય તેમજઆંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના સંશોધન પ્રકાશિત કર્યા છે.

વર્ષ૨૦૨૪ માંરાજકોટ રોટરી ક્લબદ્વારા નેશન બિલ્ડર એવોર્ડ અને આઈસીસીઆઈ નવીદિલ્હી દ્વારા એજ્યુકેશન એચીવર એવોર્ડ, એસોસિએશન ઓફ રિસર્ચ એન્ડ એકેડેમીશયન્સ ઈન્ડિયા એટલે કે એ.આર.એ.આઈ દ્વારાઅપાતા જે.સી. બોઝ એવાર્ડ ઓફ આઉટસ્ટેન્ડિંગએકેડેમીશન ૨૦૨૪ મેળવીનેહેટ્રિક સર્જીછે.

૨૩ વર્ષ નો શિક્ષણ ક્ષેત્રે અનુભવ ધરાવનારવીવીપી એન્જીનીયરીંગ કોલેજના પ્રિન્સીપાલશ્રીડો. પિયુષભાઈ વણઝારાકેમિકલ એન્જિનિયરિંગ માં પીએચડીપૂર્ણ કર્યા બાદ તેઓ પ્રોફેસર બન્યા, અને હાલ તેઓસંસ્થામાં પ્રિન્સિપાલ તરીકે સેવા આપે છે. તેઓનારીસર્ચ ફિલ્ડમાં ફંડામેન્ટલ્સ એન્ડએડવાન્સમેન્ટ ઈન પ્રોસેસ એન્જિનિયરિંગ, હાઈડ્રોકાયનેમિક્સ, માસ ટ્રાન્સફર સિસ્ટમસ જેવા કેમિકલએન્જિનિયરિંગના અઘરા વિષયો રહ્યા છે. તેઓ મસ્કત ઓમાન ની યુનિવર્સિટી સાથે રિસર્ચકોલાબ્રેશન ધરાવે છે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝલિમિટેડનારિસોર્સ પર્સન ,જી. ટી. યુ.નીબોર્ડ ઓફ સ્ટડીઝના મેમ્બર પણ રહીચુક્યા છે. શિક્ષણ ક્ષેત્રે સૌરાષ્ટ્રમાં ખૂબ મોટું નામધરાવતા ડો.







પિયુષભાઈ વણઝારાને આ તકે એકસાથે એવોર્ડની હેટ્રિક લગાવવા માટે વીવીપીના વિદ્યાર્થીઓ , કર્મચારીઓ,ટ્રસ્ટીઓ શ્રી કૌશિકભાઈ શુક્લ ડો. નરેન્દ્રભાઈદવે, શ્રી હર્ષલભાઈ મણીઆર, ડો. સંજીવભાઈ ઓઝા,ડો. નવીનભાઈ શેઠ તથાતમામ શુભેચ્છકોએઅભિનંદન પાઠવ્યા છે.

# શાસ્ત્રી મેદાન ખાતે રવિવારે ડોગ શો નુ ભવ્ય આયોજન

## એક કિલોના નાના ડોગથી લઈને સો કિલોના કદાવર શ્વાન ડોગ શો માં જોવા મળશે

મુખ્ય સમાચાર,રાજકોટ

સૌરાષ્ટ્ર કચ્છ પેટ ટ્રેડર્સ એન્ડ બ્રિડર્સ એસોસિએશન દ્વારા રવિવારે બપોરે ત્રણ થી રાત્રિના દસ સુધી શાસ્ત્રી મેદાન ખાતે ભવ્ય ડોગ શો નુ આયોજન કરવામાં આવેલ છે, આ ડોગ શો માં ૨૫ થી વધુ પ્રજાતિના ૫૦૦ થી વધુ શ્વાનો રાજકોટ સાથે ગુજરાતના વિવિધ શહેરોમાંથી રાજકોટ ખાતે ભાગ લેવા આવવાના છે. આ શો મા નિર્ણાયક તરીકે રાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞ હાજર રહેશે.

છેલ્લા દોઢ દાયકાથી રાજકોટમાં શ્વાન પાળવાનો ક્રેઝ વધ્યો છે, ત્યારે હાલમાં ૧૫૦૦૦ થી વધુ ડોગ લવર્સ શ્વાન પાળી રહ્યા છે. ડોગ શોમાં પોમેરીયન, લેબ્રાડોર, જર્મન શેફર્ડ, ડોબરમેન, સેન્ડ બર્નાર્ડ, બિગલ, હસ્કી,સિટ્ઝુ, ચાવ ચાવ,ચિવાવા જેવા શ્વાનો ભાગ લેવાના છે, શ્વાન માલિકોને સારવાર સંભાળ જેવી વિવિધ માહિતી પણ આપવામાં આવે છે, ડોગ માટેના વિવિધ ફૂડ અને મેડિસિન બાબતે પણ માર્ગદર્શન અપાશે.

આ ડોગ શો માં માં એક કિલોના નાના ટોય બ્રીડ ડોગ સાથે ૧૦૦ કિલોના કદાવર મોટી બ્રેડના ડોગ પણ જોવા મળશે. દરેક પરિવારજનોએ તેમના સંતાનોમાં કરુણા શિક્ષણ સાથે પ્રેમ, લાગણી અને વફાદારી જેવા ગુણોનો વિકાસ થાય તે માટે ડોગ શો જોવા લઈ આવવા સંસ્થાએ અનુરોધ કર્યો છે.

સમગ્ર આયોજનમાં પ્રમુખ ભુવનેશ પંડ્યા, ઉપપ્રમુખ રણજીત ડોડીયા, આશિષ ધામેચા, નાસિર સૈયદ, પી.ડી. આહીર, સુનિલ ચૌહાણ, કેતન મકવાણા,અલીભાઈ સૈયદ, અબ્બાસભાઈ જરીવાલા



સહિતના પેટ શોપ એસોસિએશનના પરિવારના સભ્યો જેહમત ઉઠાવી રહ્યા છે.

શો ને સફળ બનાવવા માટે વિવિધ કમિટીની રચના પણ કરવામાં આવી છે, જેમાં એસોસિયેશનના હોદ્દેદારો માર્ગદર્શન આપી રહ્યા છે.

ડોગ શો માં ભાગ લેનાર શ્વાન માલિકોએ બપોરે અઢી વાગે સ્થળ ઉપર સમયસર હાજર થઈ જવા સંસ્થાએ અનુરોધ કરેલ છે. સમગ્ર ડોગ શો નું માહિતીસભર સંચાલન વર્ષોથી ડોગ શો નું એન્કરિંગ કરતા ડોગ લવર અરુણ દવે કરશે.

# હાપા અને નાહરલગુન વચ્ચે સ્પે.સાપ્તાહિક ટ્રેન દોડશે

## દર બુધવારે ટ્રેન ઉપડશેઃ આજથી જ ટિકિટ બુકિંગ શરૂ

મુખ્ય સમાચાર,રાજકોટ

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ હાપા અને નાહરલગુન વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૦૯૫૨૫/ ૦૯૫૨૬ હાપા–નાહરલગુન સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા–નાહરલગુન સ્પેશિયલ હાપાથી દર બુધવારે ૦૦.૪૦ કલાકે ઉપડશે, રાજકોટ તેજ દિવસે મધ્યરાત્રિ માં ૦૨.૦૬ કલાકે અને શુક્રવારે ૧૬.૦૦ કલાકે નાહરલગુન પહોંચશે. આ ટ્રેન ૮ જાન્યુઆરી, ૨૦૨૫ થી આગામી સૂચના સુધી ૪ દિવસો સિવાય ચાલશે (આ ટ્રેન હાપા થી ૧૫.૦૧.૨૦૨૫, ૨૯.૦૧.૨૦૨૫, ૦૫.૦૨.૨૦૨૫ અને ૧૨.૦૨.૨૦૨૫ ના રોજ રદ્દ રેહશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલગુન – હાપા સ્પેશિયલ દર શનિવારે નાહરલગુનથી ૧૦.૦૦ કલાકે ઉપડશે, રાજકોટ સોમવારે ૨૨.૨૨ કલાકે અને મંગળવારે ૦૦.૩૦ કલાકે હાપા પહોંચશે. આ ટ્રેન ૧૧ જાન્યુઆરી, ૨૦૨૫ થી આગામી સૂચના સુધી ૪ દિવસો સિવાય ચાલશે.(આ ટ્રેન નાહરલગુન થી ૧૮.૦૧.૨૦૨૫, ૦૧.૦૨.૨૦૨૫, ૦૮.૦૨.૨૦૨૫ અને ૧૫.૦૨.૨૦૨૫ ના રોજ રદ્દ રેહશે),આ ટ્રેન બંને દિશામાં રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મકસી, શાજાપુર, બિયાવરા–રાજગઢ, રૂઠીયાઈ, ગુના, શિવપુરી, ગ્વાલિયર, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજમાં જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી, ગાઝીપુર સિટી, બલિયા, છપરા, હાજીપુર, શાહપુર પટોરી, બરૌની, બેગુસરાઈ,



ખગરિયા, નૌગાચિયા, કટિહાર, બારસોઈ, કિશનગંજ, ન્યૂ જલપાઈગુડી, ન્યૂ કૂચ બિહાર, કોકરાઝાર, ન્યૂ બોંગાઈગાંવ, બારપેટા રોડ, રંગિયા, ઉદલગુડી, ન્યુ મિસામારી, રંગપારા ઉત્તર અને હરમુતી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨–ટાયર, એસી ૩–ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.ટ્રેન નંબર ૦૯૫૨૫ માટે બુકિંગ ૩ જાન્યુઆરી, ૨૦૨૫ થી તમામ PRS કાઉન્ટર્સ પર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને. www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજકોટ જિલ્લામાં યોજાનારી યુ.જી.સી.-નેટની પરીક્ષા અંગે પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા

મુખ્ય સમાચાર,રાજકોટ

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા રાજકોટ જિલ્લામાં તા. ૩થી તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન સવારે ૦૯ કલાકથી સાંજના ૦૬ કલાક સુધી યુ.જી.સી.–નેટ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા ડીજીટલ ઝોન મેટોડા, વિરલ એવન્યુ, પ્લોટ નંબર ર્ક્ક–૮, કિસાન ગેટ નજીક, કાલાવડ રોડ, રાજકોટ તેમજ ડીજીટલ ઝોન મેટોડા, વિરલ શોપિંગ, ગેટ નંબર ૨માં, કોર્પોરેશન બેંકની બાજુમાં, મેટોડા ઈન્ડસ્ટ્રી, લોધિકા–મેટોડા, રાજકોટ ખાતે યોજાશે. આ પરીક્ષા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય, પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે માટે રાજકોટ અધિક જિલ્લા કલેક્ટરશ્રી એ. કે. ગૌતમ દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

જે મુજબ ઉપરોક્ત તારીખ અને સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૩૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષામાં ગેરરીતી કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્રીત થવું નહીં અથવા કોઈ સભા ભરવી નહીં કે કોઈ સરઘસ કાઢવું નહીં. પરીક્ષા સ્થળે વિજાણુ ઉપકરણો જેવા કે મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જવા નહીં. તેમજ પરીક્ષા કેન્દ્રોની ૩૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં આવતા સાયબર કાફે, ફોટોકોપી કે ઝેરોક્ષ અને પ્રિન્ટીંગ શોપ્સ બંધ રાખવી અને પરીક્ષા કેન્દ્રોમાં ઉપલબ્ધ ઝેરોક્ષ તથા લીથો મશીનો પણ બંધ રાખવાના રહેશે.આ હુકમમાંથી સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યક્તિઓ, પરીક્ષા કાર્યમાં રોકાયેલી ઓળખપત્ર ધરાવતી વ્યક્તિઓ, લગ્નના વરઘોડાને, સ્મશાન યાત્રાને તેમજ ફરજ પરના પોલીસ, એસ.આર.પી., હોમગાર્ડ, જી.આર.ડી.ના અધિકારીઓ તથા જવાનોને મુક્તિ આપવામાં આવી છે.

# રામનાથપરા મુક્તિધામમાં તા.૫ને રવિવારના રોજ ૨૫૦૦ અસ્થિનું પૂજન કરાશે

## ૧૩/૦૧/૨૦૨૫ નાં રોજ હરિદ્વાર મૂકામે વિસર્જન કરાશે

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ ક્લબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં જૂલાઈ – ૨૦૨૪ થી ડિસેમ્બર – ૨૦૨૪ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુક્તિધામમાં જૂલાઈ થી ડિસેમ્બર સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ તા. ૦૫/૦૧/૨૦૨૪ ને રવિવારે સવારે ૯/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાશે. મૃતકોના તમામ સ્વજનોને સરગમ ક્લબ દ્વારા વ્યક્તિગત પત્ર લખી રવિવારે અસ્થી પૂજન ની વિધી માટે પરિવારના સદસ્યો એ રામનાથપરા મુક્તિધામમાં આવું. સરગમ ક્લબ આગામી તારીખ ૧૩/ ૦૧/૨૦૨૫ મી સોમવાર એ આ તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મૂકામે સવારે ૮/૦૦ કલાકે હરકિ પેઠી ઉપર થશે. દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે. ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

જે પરિવારના વ્યકતી નાં અવસાન થઈ ગયેલ છે. તેમના પરિવારને કૂરિયર મારફત લેટર મોકલી આપેલ છે. જે પરિવારને અસ્થિ જુદા રાખવા હોય તેમને તા.૦૪/૦૧/ ૨૦૨૫ સુધીમાં રામનાથપરા મુક્તિધામ ની ઓફિસમાં જાણ કરવા વિનંતિ. જો આપ જાણ નહિ કરોતો તો અમે તમામ ના અસ્થી હરદ્વાર



મૂકામે અમો અસ્થિ વિસર્જન માટે સાથે લઈ જશું. કોઈપણ વ્યક્તિ ને આનાં માટે પૂછપરછ કરવી હોય તો ફોન નંબર : ૨૨૨૧૯૫૦ / ૨૨૩૭૯૦૦ તેના ઉપર સંપર્ક કરવો.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા નાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી સાથે મનસુખભાઈ ધંધુકિયા, અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળશે.

# સીએમ ડેશ બોર્ડ પોર્ટલ પર રાજકોટ જિલ્લો પ્રથમ નંબરેઃ ડીડીઓ ડો.નવનાથ ગવ્હાણે તથા ટીમ અભિનંદન પાઠવતા પ્રવિણાબેન રંગાણી

મુખ્ય સમાચાર,રાજકોટ

જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન સંજયભાઈ રંગાણી એ જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પંચાયતી રાજ સંસ્થાઓને વિવિધ યોજનાઓ થકી પંચાયતી રાજ સંસ્થાઓમાં પારદર્શકતા લાવીને,તેઓને વધુ સારી જવાબદારીઓ સોંપીને,તેમના ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરીને તથા ગ્રામ્ય વિકાસ યોજનાઓનો અસરકારક અમલ કરીને, આપવામાં આવતી સેવામાં સુધારો લાવીને, પંચાયતી રાજ સંસ્થાઓનું સશક્તિકરણ કરી રહી છે અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર હાલના પંચાયતી રાજને સુદ્રઢ કરવા માટે તેમજ વિકાસની યાત્રામાં ગ્રામ જનસમુદાય પણ સરકારની સાથોસાથ ખભેખભા મિલાવી વિકાસમાં સીધા ભાગીદાર બને તેવી સ્પષ્ટ નીતિ અને નેમ સાથે ગુજરાતમાં પંચાયતી રાજનું અમલીકરણ થઈ રહેલ છે.અને આ દિશામાં પારદર્શિતા માટે ઈખ ઉઅજીંઈઇઘઅછઉ પોર્ટલ ઉપલબ્ધ છે આ પોર્ટલ પર પંચાયત,રૂરલ હાઉસીંગ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ,એગ્રીકલ્ચર એન્ડ કો ઓપરેશન,રોડ એન્ડ બિલ્ડિંગ,મહિલા અને બાળ વિકાસ,હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર,સોશ્યલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ,એજ્યુકેશન વગેરે વિભાગો માં ઊંડ્ઈ રજિસ્ટર માં રાજકોટ જિલ્લો સમગ્ર ગુજરાત માં પ્રથમ નંબર પર આવેલ છે. ડીડીઓ




ડો.નવનાથ ગવ્હાણે નાં વિઝન,પારદર્શક વહીવટી પ્રક્રિયા, તમામ વિભાગો સાથેના સંકલન થકી તેમજ જિલ્લા પંચાયતના પદાધિકારીઓ,જિલ્લા પંચાયતની સમગ્ર વહીવટી અધિકારીની ટીમની સંયુક્ત ગ્રામ્ય જનતાલક્ષી કામગીરી થકી રાજકોટ જિલ્લો પ્રથમ નંબર પર આવેલ છે. જે બદલ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ ડીડીઓ ડો.નવનાથ ગવ્હાણે,ઉપપ્રમુખ,તમામ સમિતિ ચેરમેનશઓ,સદસ્યશઓ,ટીમ જિલ્લા પંચાયત તેમજ સંગઠનના તમામ હોદેદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સરગમ કલબ દ્વારા મ્યુઝીકલ પાર્ટી યોજાઈ : નવા વરસે નવા–જુના ગીતોની રમઝટ બોલી

## પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને મુકેશભાઈ દોશી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ

મુખ્ય સમાચાર,રાજકોટ

સરગમ કલબ દ્વારા ૩૧ ડિસેમ્બરે હેમુ ગઢવી હોલમાં ભવ્ય મ્યુઝીકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રે ૧૨ વાગ્યે નવું વર્ષ આવ્યું ત્યાં સુધી નવા જુના ગીતોની રમઝટ બોલી હતી. આ મ્યુઝીકલ નાઈટને માણવા માટે પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ મ્યુઝીકલ નાઈટમાં મેલોડી કલર્સનાં કલાકારો આસિફ જેરીયા, ચિરાગ દેસાઈ, સંધ્યા પાત્યે, પ્રીતિ ભટ્ટ, નીલેશ વસાવડા અને કૃપા પુરોહિત વગેરેએ આખા માહોલને બોલીવુડમય બનાવી દીધો હતો. બધા સિંગરોએ એક એક થી ચડિયાતા ફિલ્મી ગીતો રજુ કરીને જમાવટ કરી દીધી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પુજારા ટેલીકોમનાં યોગેશભાઈ પુજારા, ઉદ્યોગપતિ નાથાભાઈ કાલરીયા, પ્રતાપભાઈ પટેલ, પરસોત્તમભાઈ કમાણી, એમ.જે.સોલંકી, રાકેશભાઈ પોપટ, ડો. રાજેશ પટેલ ( અમેરિકા), હરેશભાઈ લાખાણી, અરવિંદભાઈ તાળા, ઈશ્વરભાઈ તાળા, શૈલેશભાઈ માઉ, વજુભાઈ ( લંડન), ફિરોઝભાઈ લાખાણી( લંડન), કૌશિકભાઈ સોલંકી, તેજસભાઈ ભટ્ટી સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને ફિલ્મી ગીતો માણ્યા હતા. આ પૂર્વે બધાએ સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ પણ માણ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે



ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જગદીશ કિયાડા, અનવરભાઈ ઠેબા, દીપકભાઈ શાહ, કૌશિકભાઈ વ્યાસ, જયરાજસિંહ ઝાલા, સુનીલ દેત્રોજા, મનમોહન પનારા, જયસુખભાઈ ડાભી ઉપરાંત લેડીઝ કલબના અલ્કાબેન કામદાર, ગીતાબેન હિરાણી, ચેતનાબેન સવજાણી, જયશ્રીબેન વ્યાસ, જયશ્રીબેન મહેતા, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

